<u>નવી બાબત વર્ષ ૨૦૨૪-૨૫</u>

સંકલિત બાળ વિકાસ સેવા યોજના અંતર્ગત આંગણવાડીના લાભાર્થીની પોષણસ્તરની ચકાસણી માટે આંગણવાડી કેન્દ્રો માટે ગ્રોથ મોનિટરીંગ ડિવાઈઝ **(GMD)** ખરીદવા અંગે

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: **WCDD/EFN/e-file/23/2023/1529/B (ICDS)**

સચિવાલય ગાંધીનગર

વંચાણે લીધા:-

1. ભારત સરકારશ્રીની પોષણ અભિયાનના અમલીકરણ માટેની તા.૨૬/૦૨/૨૦૧૮ની માર્ગદર્શિકા.
2. ભારત સરકારશ્રીની 'મિશન સક્ષમ આંગણવાડી અને પોષણ ૨.૦'ના અમલીકરણ માટેની તા.૦૧/૦૮/૨૦૨૨ની માર્ગદર્શિકા.
3. ભારત સરકારશ્રીના તા.૧૧/૦૧/૨૦૨૩ના પત્ર નં.**F.no.PA/293/2022-CPMU (e-102529)**થી ગ્રોથ મોનિટરીંગ ડિવાઈઝ **(GMD)** ખરીદી માટેના સ્પેશીફિકેશન.
4. મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાક: **WCDD/IMR/e-file/23/2023/0165/B (ICDS)** તા.૨૧/૦૬/૨૦૨૩.
5. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીનો તા.૦૯/૧૧/૨૦૨૩નો પત્રક્રમાંક: **ICDS/FIN/e-File/257/2023/1112/NNM**

આમુખ:-

ભારત સરકારશ્રી દ્વારા વંચાણે લીધેલ ક્રમ (૧)ના પત્રથી રાષ્ટ્રીય પોષણ અભિયાન (નેશનલ ન્યુટ્રીશન મિશન)ના અમલીકરણ માટે પ્રસિદ્ધ કરેલ માર્ગદર્શિકા મુજબ આંગણવાડી કેન્દ્રમાં આવતા લાભાર્થી જેવા કે, કિશોરીઓ, સગર્ભા, ધાત્રી માતાઓ, નવજાત શિશુઓથી ૬ વર્ષ સુધીના બાળકોના વજન/ઉંચાઈ માપવા માટેના નીચે મુજબના ચાર પ્રકારના ગ્રોથ મોનિટરીંગ ડિવાઈઝ સરકારશ્રીના નીતિ-નિયમ મુજબ રૂ.૧૦૦૦૦/-ની મર્યાદામાં ખરીદી કરી દરેક આંગણવાડી કેન્દ્રોને ફાળવવા જણાવેલ હતુ.

**a.** ઈન્ફેન્ટોમીટર

**b.** સ્ટેડિયોમીટર

**c.** વજન કાંટા (નવજાત શિશુ)

**d.** વજન કાંટા (માતા અને બાળક)

સરકારશ્રી દ્વારા કિશોરીઓ, સગર્ભા, ધાત્રી માતાઓ, નવજાત શિશુઓથી ૬ વર્ષ સુધીના બાળકોના વજન અને ઊંચાઈની સચોટ ચકાસણી કરીને તેઓના પોષણ સ્તરને વર્ગીકૃત કરી તથા તેઓના પોષણ સ્તરની સ્થિતિમાં સુધારો કરવા સારૂ આંગણવાડી કેન્દ્રો પર ગ્રોથ મોનિટરીંગ ડિવાઈઝ ફાળવવામાં આવેલ હતાં.

આંગણવાડી કાર્યકર દર મહિને આંગણવાડી કેન્દ્રમાં આવતા તમામ લાભાર્થીઓના વજન અને ઊંચાઈની માપણી કરી ભારત સરકારશ્રી દ્વારા વિકસાવવામાં આવેલ "પોષણ ટ્રેકર" એપ્લિકેશનમાં તેની નોંધણી કરે છે. જેથી કુપોષણ, સ્ટન્ટિંગ (ઠિંગણાપણાં) અને વેસ્ટિંગ (પાતળાપણાં) પર નજર રાખી શકાય.

ભારત સરકારશ્રીના વંચાણે લીધેલ ક્રમ (૨)ના પત્રથી "મિશન સક્ષમ આંગણવાડી અને પોષણ ૨.૦"ના અમલીકરણની માર્ગદર્શિકામાં આંગણવાડી લાભાર્થીઓની વૃદ્ધિનું માપન કરી તેઓના પોષણસ્તરની દેખરેખ કરવા ચાર પ્રકારના ગ્રોથ મોનિટરીંગ ડિવાઈઝની ખરીદી/રિપ્લેસ સરકારશ્રીના નિતિ-નિયમ મુજબ રૂ.૮૦૦૦/- **+ GST** ની મર્યાદામાં કરવા સુચવેલ છે.

ભારત સરકારશ્રીના વંચાણે લીધેલ ક્રમ (૩)ના પત્રથી ગ્રોથ મોનિટરીંગ ડિવાઈઝના ખરીદી માટેના સ્પેશીફિકેશન સુચવેલ છે.

આ વિભાગના વંચાણે લીધેલ ક્રમ (૪)ના ઠરાવથી નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪માં રાજ્યના કૂલ આંગણવાડી કેન્દ્રો પૈકી પ્રથમ તબક્કામાં રિપ્લેસ કરવાપાત્ર લગભગ એક તૃતીયાંશ ભાગના આંગણવાડી કેન્દ્રો માટે ચાર પ્રકારના ગ્રોથ મોનિટરીંગ ડિવાઈઝ માટે રૂ. ૧૪.૪૦ કરોડની વહીવટી મંજુરી આપેલ હતી. વંચાણે લીધેલ ક્રમાંક (૫)થી કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરીની દ્વારા નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫માં રાજ્યના કુલ આંગણવાડી કેન્દ્રો પૈકી બીજા તબક્કામાં રિપ્લેસ કરવાપાત્ર લગભગ એક તૃતીયાંશ

ભાગના આંગણવાડી કેન્દ્રો માટે ચાર પ્રકારના ગ્રોથ મોનિટરીંગ ડિવાઈઝ ખરીદી કરવા દરખાસ્ત કરેલ હતી. જેને માટે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના બજેટમાં રૂ. ૧૪.૪૦ કરોડની જોગવાઈ કરેલ છે. જેને વહીવટી મંજૂરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીની દરખાસ્ત મુજબની પોષણ અભિયાન અંતર્ગત નવી બાબત તરીકે રાજ્ય સરકારશ્રી દ્વારા નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫માં રાજ્યના કુલ આંગણવાડી કેન્દ્રો પૈકી બીજા તબક્કામાં રિપ્લેસ કરવાપાત્ર લગભગ એક તૃતીયાંશ ભાગના આંગણવાડી કેન્દ્રો માટે ચાર પ્રકારના ગ્રોથ મોનિટરીંગ ડિવાઈઝ **A.**ઈન્ફેન્ટોમીટર **B.** સ્ટેડીયોમીટર **C.** વજન કાંટા (નવજાત શિશુ) **D.** વજન કાંટા (માતા અને બાળક) રૂ.૮૦૦૦/ **+ GST**ની મર્યાદામાં સરકારશ્રીના નિતિ નિયમ મુજબ **GEM portal**ના માધ્યમથી **100%** સ્ટેટ બર્ડન હેઠળ વંચાણે લીધેલ ક્રમ (૩)માં દર્શાવેલ સ્પેશિફિકેશનને ધ્યાનમાં રાખી ખરીદી કરવા માટેની કુલ રૂ.૧૪.૪૦ કરોડની નવી બાબતને આથી નીચેની શરતોને આધીન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

આગામી સમયમાં ભારત સરકારશ્રી દ્વારા ઉક્ત સ્પેશિફિકેશનમાં સુધારા/વધારા કરવામાં આવે તો તેને ધ્યાને લઇ ગ્રોથ મોનિટરીંગ ડિવાઈઝની ખરીદી કરવાની રહેશે.

શરતો :-

૧. આ યોજનાનો ખર્ચ તા.૦૧-૦૪-૨૦૨૪થી કરવાનો રહેશે.

૨. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૩. ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ **GeM)** પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પદ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે પરંતુ જે વસ્તુઓ **GeM Portal** પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૪. નવા સાધનોની ખરીદી કરતા સમયે જે તે જગ્યાઓના બિનવપરાશના સાધનોનો રાજ્યસરકારશ્રીની પ્રવર્તમાન નીતિ મુજબ સત્વરે નિકાલ કરવાનો રહેશે. જેથી બિનવપરાશપાત્ર સાધનોની પ્રતિદિન ઘટતી જતી કિંમતો અને રોકાતી જગ્યાના અનુસંધાને ઉચિત કાર્યવાહી થઈ શકે.

૫. નવી મશીનરીની ખરીદીના વિકલ્પે**Rental Model, PPP** ધોરણે કે **Outsource**થી **Outstanding and Maintenance,** કે અન્ય **Hybrid Model** થી કામગીરી લઈ શકાય તેમ હોય તો તેનો તુલનાત્મક અભ્યાસ કરી યોગ્ય વિકલ્પ મુજબ કામગીરી લેવાની રહેશે.

૬. ગ્રાંટ મળવાની અપેક્ષાએ ખરીદી કરવાની રહેશે નહિ.

૭. નવી મશીનરી ખરીદી માટે હાર્ડવેર **Operation and Maintenance** માટે **Manpower**ની વધારાની જરૂરિયાત ઉપસ્થિત ન કરતા તેનો આંતરિક વ્યવસ્થાથી કામગીરી લેવાની રહેશે.

૮. નવી મશીનરી ખરીદી માટેનું મેઈન્ટેનન્સ યોગ્ય રીતે થાય અને તેની પૂર્ણ આયુષ્ય મર્યાદા સુધી તેનો મહત્તમ ઉપયોગ ઔચિત્યપૂર્ણ થાય તે મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

૯. નવી મશીનરી ખરીદી માટેનુ ડેડસ્ટોક રજીસ્ટર નિભાવવાનું રહેશે.

૧૦. નાણા વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતોવખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સૂચનાઓ વિભાગે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૧. નવી મશીનરી ખરીદીવા માટે કેન્દ્ર સરકાર તરફથી કોઈ અનુદાન મળનાર હોઈ કેન્દ્ર સરકાર તરફથી આવુ અનુદાન મળ્યેથી જ આવી મશીનરી ખરીદવાની રહેશે.

૧૨. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધિન અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૧૩. પ્રસ્તુત કામ માટે જરૂર જણાયે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

૧૪. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

Signature Not Verified
Signed by: DHAVAL GOSAI
Under Secretary
Date: 2024.03.06 15:25:47 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

૧૫. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

૧૬. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૧૭. આઈ.ટી.સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો-વખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૮. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

૧૯. **Social Audit** અને **Third Party Verification** પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.

૨૦. સદર વહીવટી મંજૂરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજૂરી આપોઆપ રદ ગણાશે.

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરેથી કરવાનો રહેશે.

માંગણી નં:- ૧૦૬ રેવન્યુ

મુખ્ય સદર:- ૨૨૩૬ - પોષણ

પેટા મુખ્ય સદર:- ૦૨ - પોષણ, ખાદ્ય અને પીણાની વહેંચણી

ગૌણ સદર:- ૧૦૧ - ખાસ પોષણ કાર્યક્રમ

પેટા સદર:- ૨૧ - એન.ટી.આર.૨૧, વિજાણુયંત્ર માળખાગત વ્યવસ્થા (૧૦૦% રાજ્યનો ફાળો)

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઈલ પર નાણા સલાહકારશ્રીના પરામર્શમાં સચિવશ્રીની તા. ૨૧/૦૨/૨૦૨૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડી.યુ.ગોસાઇ)
ઉપસચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

૧ માન. મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

૨. અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૩. સચિવશ્રી (આ.બા.)ના અંગત મદદનીશશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૪. સચિવશ્રી (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૫. સચિવશ્રી (આયોજન)ના અંગત સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૬. સચિવશ્રી (મહિલા અને બાળ વિકાસ વિભાગ)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

૭. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

૮. કમિશ્નરશ્રી, (આઈ.સી.ડી.એસ.), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

૯. નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૧૦. નિયામકશ્રી (આઈ.ટી. અને ઈ-ગર્વનન્સ), બ્લોક નં. -૨, બીજો માળ, સી અને ડી વિંગ, કર્મયોગી ભવન, ગાંધીનગર

૧૧. ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ, **NIC**, સચિવાલય, ગાંધીનગર

૧૨. સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રી, જીલ્લા પંચાયત કચેરી

૧૩. વિભાગીય નાયબ નિયામકશ્રી, વિભાગીય કચેરી, અમદાવાદ/વડોદરા/સુરત/રાજકોટ

૧૪. સર્વે પ્રોગ્રામ અધિકારીશ્રી, (આઇસીડીએસ) જીલ્લા પંચાયત કચેરી

૧૫. સર્વે પ્રોગ્રામ અધિકારીશ્રી, (આઇસીડીએસ) મ્યુનિસિપલ કોર્પોરેશન કચેરી

૧૬. એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ

૧૭. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર

૧૮. નિવાસી ઓડીટ અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર

૧૯. તિજોરી અધિકારીશ્રી, તિજોરી અધિકારીશ્રીની કચેરી, જીલ્લા પંચાયત તમામ

૨૦. સિસ્ટમ મેનેજર, મહિલા અને બાળ વિકાસ વિભાગ – વેબસાઈટ ઉપર મુકવા સારૂં.

૨૧. સિલેક્ટ ફાઈલ

Signature Not Verified
Signed by:DHAVAL GOSAI
Under Secretary
Date: 2024.03.06 15:25:47 +05:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign